ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૧૩.૦૮.૨૦૧૯

------------

**પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ, પદ્મ શ્રી ડૉ. સુધીર શાહ, ડૉ. નાગપાલ આશીષ સહિત ૪૦ થી વધુ વિશ્વવિખ્યાત તબીબોને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ તથા ભાજપાના કરોડો કાર્યકર્તાઓ વતી વિશાળ કુટુંબરૂપી ભાજપા પરિવારમાં આવકારતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**આઝાદીના સંઘર્ષ સમયે ગુજરાતની ધરતીના સપૂત શ્રી મહાત્મા ગાંધી અને શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની જોડીએ સમગ્ર દેશને નેતૃત્વ પુરું પાડ્યુ હતુ અને દેશને આઝાદી અપાવી હતી અને આજે ગુજરાતના પનોતા પુત્રો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે આઝાદીના ૭૨ વર્ષ પછી કાશ્મીરને આઝાદી અપાવી છે.**
**- પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ**

------------

**જમ્મુ-કાશ્મીરમાં ૭૦ વર્ષ જુના પ્રશ્નનું નિરાકરણ સચોટ રાજકીય સુઝબુઝથી અતિસરળતાથી ગુજરાતની શ્રી મોદી-શાહની જોડી લાવી છે. ગુજરાતની ધરતીમાં આજે પણ સત્વ અને જોમ છે. ગુજરાતની ધરતીના પુત્ર હોવાનો મને અનહદ આનંદ છે.**
**- પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ**

------------

**દેશની સંસ્કૃતિ-શાલિનતા-સાર્વભૌમત્વ-સહિષ્ણુંતાના રક્ષણની વિચારધારા સાથે કાર્ય કરતી ભાજપાનો ખેસ પહેરી હું અત્યંત ગૌરવની લાગણી અનુભવું છું. ધર્મ-આધ્યાત્મ-સંસ્કૃતિની ધરોહર એવો ભારત દેશ આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં વિકાસના નવા આયામો સર કરી રહ્યો છે.**
**- પદ્મશ્રી ડૉ. સુધીર શાહ**

------------

**પ્રધાનમંત્રી શ્રી નરેનદ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની દેશની કેન્દ્ર સરકાર વિકાસ સાથે દેશની એકતા-અખંડિતતાના રક્ષણ માટે, સૌને સમાન હક્ક અપાવવા માટે એક પછી એક ઐતિહાસિક નિર્ણયો લઇ રહી છે. - પદ્મશ્રી ડૉ. સુધીર શાહ**

------------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીએ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" કોબા, ગાંધીનગર ખાતે પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ, પદ્મ શ્રી ડૉ. સુધીર શાહ, ડૉ. નાગપાલ આશીષ સહિત ૪૦ થી વધુ વિશ્વવિખ્યાત તબીબોને ભાજપાનો ખેસ પહેરાવી વિધિવત્ રીતે ભાજપાના સભ્ય બનાવ્યા હતા. આ પ્રસંગે આયોજીત પત્રકાર પરિષદને સંબોધતા શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ભાજપા સંગઠન પર્વ – સદસ્યતા વૃધ્ધિ અભિયાન દેશભરમાં વેગવંતી રીતે ચાલી રહ્યુ છે, ગુજરાતમાં પણ વિવિધ વર્ગ- સમુહો ભાજપાના રાષ્ટ્રવાદી અને વિકાસવાદી વિચાર સાથે જોડાઇ રહ્યા છે ત્યારે ભાજપાની "રાષ્ટ્રપ્રથમ"ની વિચારધારા તથા જનકલ્યાણકારી અને વિકાસની રાજનીતિને સ્વીકારીને પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ, પદ્મ શ્રી ડૉ. સુધીર શાહ, ડૉ. નાગપાલ સાહેબ સહિત ૪૦ થી વધુ નિશ્ણાત તબીબો ભાજપામાં જોડાયા છે ત્યારે હું આનંદ અને ગૌરવની લાગણી સાથે સૌનું ભાજપામાં હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, દેશ આગળ વધી રહ્યો છે, બદલાઇ રહ્યો છે આજે દેશનો દરેક નાગરિક તેની અનુભૂતિ કરી રહ્યો છે. ગુજરાતના બે પનોતા પુત્રો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં આજે દેશ વૈશ્વિક સ્તરે ઉંચાઇ હાંસલ કરી રહ્યો છે અને તેમના નેતૃત્વથી પ્રેરણા લઇને દેશના કરોડો નાગરિક ભાજપાની વિચારધારા સાથે જોડાઇ રહ્યા છે ત્યારે દર્દી માટે ભગવાન સ્વરૂપ એવા દેશ-વિદેશમાં વિખ્યાત તબિબો કે જેઓએ પોતાની જાત દર્દીનારાયણની સેવા માટે સમર્પિત કરી દીધી છે, સમાજમાં મુઠી ઉંચેરું સ્થાન ધરાવતા નામાંકિત તબીબો આજે ભાજપા પરિવારનો હિસ્સો બની રહ્યા છે ત્યારે અમો સૌ ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે. ૧૯૯૫ થી સતત ગુજરાતની જનતાએ ભાજપા પર ભરોસો રાખી અવિરત પ્રેમ વરસાવ્યો છે. ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીઓમાં પણ સતત છઠ્ઠીવાર ભાજપાનો વિજય ત્યારબાદ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીઓમાં પણ સતત બીજીવાર તમામ ૨૬ બેઠકો પર ભાજપાનો ભવ્ય વિજય અપાવ્યો છે જે સમગ્ર જનતાનો ભાજપા પ્રત્યેનો અતૂટ વિશ્વાસ દર્શાવે છે.

શ્રી વાઘાણીએ ભારતવર્ષની તંદુરસ્તી માટે સતત કાર્યરત એવા નિશ્ણાંત તબિબોને માં ભારતીને પરમ વૈભવના શિખરે લઇ જવા, વિશ્વગુરુના સ્થાને બિરાજમાન કરવા, દેશમાં સામાજીક સમરસતાનું વાતાવરણ ઉભું કરવા યથાયોગ્ય યોગદાન આપવા અપીલ કરી હતી.

આ પ્રસંગે પદ્મશ્રી થી સન્માનિત અને વિશ્વવિખ્યાત કાર્ડિયોલોજીસ્ટ ડૉ. તેજસ પટેલે જણાવ્યુ હતુ કે, આઝાદીના સંઘર્ષ સમયે ગુજરાતની ધરતીના સપૂત શ્રી મહાત્મા ગાંધી અને શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની જોડીએ સમગ્ર દેશને નેતૃત્વ પુરું પાડ્યુ હતુ અને દેશને આઝાદી અપાવી હતી અને આજે ગુજરાતના પનોતા પુત્રો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ દેશને નિર્ણાયક નેતૃત્વ પુરું પાડી રહ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં ૭૦ વર્ષ જુના પ્રશ્નનું નિરાકરણ સચોટ રાજકીય સુઝબુઝથી અતિસરળતાથી ગુજરાતની શ્રી મોદી-શાહની જોડી લાવી છે. ગુજરાતની ધરતીમાં આજે પણ સત્વ અને જોમ છે. ગુજરાતની ધરતીના પુત્ર હોવાનો મને અનહદ આનંદ છે.

પદ્મશ્રી થી સન્માનિત ન્યુરોલોજીસ્ટ શ્રી ડૉ. સુધીર શાહે જણાવ્યુ હતુ કે, દેશની સંસ્કૃતિ-શાલિનતા-સાર્વભૌમત્વ-સહિષ્ણંતાના રક્ષણની વિચારધારા સાથે કાર્ય કરતી ભાજપાનો ખેસ પહેરી હું અત્યંત ગૌરવની લાગણી અનુભવું છું. ધર્મ-આધ્યાત્મ-સંસ્કૃતિની ધરોહર એવો ભારત દેશ આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં વિકાસના નવા આયામો સર કરી રહ્યો છે તે ખૂબજ આનંદ અને ગૌરવની વાત છે. દેશની કેન્દ્ર સરકાર વિકાસ સાથે દેશની એકતા-અખંડિતતાના રક્ષણ માટે, સૌને સમાન હક્ક અપાવવા માટે એક પછી એક ઐતિહાસિક નિર્ણયો લઇ રહી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષો જુની ૩૭૦ની કલમ નાબૂદ કરી તે સાથે જ દેશભરમાં દેશભક્તિનો જુવાળ જોવા મળી રહ્યો છે. શ્રી શાહે ઉપસ્થિત સૌ નિષ્ણાંત તબીબોને તન-મન-ધનથી દેશના કલ્યાણ માટે યોગદાન આપવા માટે અપીલ કરી હતી અને ભાજપાનો ખેસ પહેરાવી ભાજપામાં આવકારવા બદલ ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીનો આભાર વ્યક્ત કર્યો છે.

આ પ્રસંગે ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઇ.કે.જાડેજા, પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યા, સાંસદ શ્રી ડૉ. કીરીટ સોલંકી, વિવિધ સેલના પ્રભારી શ્રી ડૉ. અનિલભાઇ પટેલ, અમદાવાદ શહેર પ્રમુખશ્રી જગદીશભાઇ પંચાલ, ડૉક્ટર સેલના પ્રદેશ કન્વીનર શ્રી ડૉ. વિષ્ણુભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમના સફળ આયોજનની જહેમત ભાજપા અગ્રણી શ્રી ડૉ. ધર્મેન્દ્રભાઇ ગજ્જર તથા ડૉ. સુજય મહેતાએ ઉઠાવી હતી.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ